# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

## પ્રોત્સાહક મિલકત વેરા વળતર(રીબેટ) યોજના વર્ષ ૨૦૨૨–૨૩

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરની હદમાં આવેલી તમામ મિલકતોના સને ૨૦૨૨–૨૩ના વર્ષ માટે કુલ મિલકત વેરાની રકમ પાછલા વર્ષોની બાકી સહ પુરેપુરી એડવાન્સમાં ભરપાઇ કરનાર કરદાતાઓને વર્ષ ૨૦૨૨–૨૩નાં મિલકત વેરાના સામાન્ય કર, પાણી કર, કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષની રકમમાં રીબેટ (રાહત) યોજના અમલમાં મુકેલ છે. જે નીચે મુજબ છે.

**યોજના :**

(૧) તા.૦૧/૦૭/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૨ સુધી પ્રથમ માસ માટે રહેણાંક મિલકત માટે મિલકત વેરાના સામાન્ય કર, પાણી કર, કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષની રકમમાં ૧૦% અને બીન રહેણાંક મિલકતો માટે ૫% રીબેટ (રાહત) યોજના અમલમાં મુકેલ છે.

(૨) તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધી બીજા માસ માટે રહેણાંક મિલકત માટે મિલકત વેરાના સામાન્ય કર, પાણી કર, કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષની રકમમાં ૭% અને બીન રહેણાંક મિલકતો માટે ૫% રીબેટ (રાહત) યોજના અમલમાં મુકેલ છે.

જેનો લાભ લેવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે. મિલકત વેરાની રકમ કોઈપણ વહીવટી વોર્ડ નં. ૧ થી ૧૯ ની કચેરીમાં કામકાજનાં દિવસ દરમ્યાન સવારના ૯.૩૦ કલાકથી બપોરના ૩.૦૦ કલાક સુધીમાં રૂબરૂ તથા વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પર ઓનલાઈન પણ ભરી શકાશે.

પી.આર.ઓનં./૨૯૩/૨૦૨૨–૨૩ મ્યુનિસિપલ કમિશનર